જે કામ માટે એકજ ટેન્ડર આવેલ
હોય તે ટેન્ડર પુનઃ માંગવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ–TNC-10-2017-03-C(R&B)
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૨/૨૦૧૭

સંદર્ભઃ– પીડીડબલ્યુ/૧૦૨૦૦૩/(ભાગ–૧)/સ

પ્રસ્તાવનાઃ–

અનુભવે પ્રસ્થાપિત થયેલ છે કે, બાંધકામની કામગીરી માટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે ત્યારે કેટલીક વાર એક જ ઈજારદાર દ્વારા ટેન્ડર ભરવામાં આવે ત્યારે આ ટેન્ડર વિભાગીય કક્ષાએ ખોલ્યા બાદ વર્તુળ કચેરીમાં તથા કેટલાંક કિસ્સામાં સરકારમાં મંજુરી અર્થે રજુ કરવામાં આવે છે, તેમજ કેટલીક વાર ટેન્ડર નામંજુર કરી પુનઃ માંગવાનો નિર્ણય કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગ દર્શિકા પ્રમાણે પ્રથમવારનું સીંગલ ટેન્ડર નહી ખોલવા અને આવું સીંગલ ટેન્ડર ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે. કેન્દ્રીય તકેદારી આયોગની માર્ગદર્શિકા મુજબ પણ એક માત્ર ટેન્ડર આવેલ હોય, તેવા કિસ્સામાં આવું ટેન્ડર મંજુર નહી કરીને ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે અને ત્યાર પછીના પ્રયત્નોમાં પણ એક જ ટેન્ડર આવે તો આવું ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા વિચારણા કરી શકાશે.

ઠરાવઃ–

પુખ્ત વિચારણાને અંતે ઉક્ત સંજોગોમાં નીચે મુજબની કાર્યપધ્ધતિ નકકી કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. જે કામ/પેકેજ માટે માત્ર એક જ ટેન્ડર ભરાઈને આવેલ હોય તેવા કામ / પેકેજના ટેન્ડરને Single Tender ગણવાનું રહેશે. આ પ્રકારના કિસ્સામાં ટેન્ડર ખોલવાનું રહેશે નહિ તથા ટેન્ડર પુનઃ માંગવાનું રહેશે. માત્ર વિશિષ્ટ સંજોગો, જેવા કે કુદરતી આપત્તી અને તાકીદની પરિસ્થિતિમાં માંગેલ ટેન્ડરોમાં પૂરતાં કારણો તેમજ અભિપ્રાય સાથે Single ટેન્ડર સ્વીકારવા માટે રજુ કરવામાં આવે તો તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણાં કરી શકાશે.

૨. બીજી વાર માંગવામાં આવેલ ટેન્ડરમાં પણ જો એક જ ટેન્ડર ભરાઈને [Single Tender] આવે, તો તે ખોલીને આવું ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણાં કરવાની રહેશે.

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે. આ ઠરાવ નાણા વિભાગની ફાઈલ ક્રમાંકઃટીઈએન/૨૦૧૬/એફએ(મા.મ.) પર મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

(એ.એન.મિસ્ત્રી)
ઉપ સચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ

(પાછળ)